જરૂરી / અગત્યનું.
ક્રમાંકઃસ્ટેમ્પ/ અપીલ/ ૪૨ /૨૦૦૭/ ૬૨૬૭

મુખ્ય નિયંત્રક મહેસુલી પ્રાધિકારીની કચેરી,
સ્ટેમ્પ અને નોંધણી ભવન,
સેકટર-૧૩-સી,"ખ" રોડ,
ગાંધીનગર.તા.૨૪/૯/૨૦૦૭.

પ રિ પ ત્ર.

મુંબઈ સ્ટેમ્પ અધિનિયમ-૧૯૫૮ ની કલમ ૨ (જી) માં આપવામાં આવેલ," માલિકી ફેરખત " ની વ્યાખ્યાની જોગવાઈ ધ્યાનમાં લેતાં તથા આવા અન્ય પ્રકારના સ્થાવર મિલકતોની તબદીલીના લેખ અન્વયે તબદીલ થતી મિલકત અંગેનો અવેજ અથવા બજારકિંમત એ બે માંથી જે વધારે હોય તે રકમ ઉપર યોગ્ય સ્ટેમ્પ ડયુટી લેવાપાત્ર થાય છે.આમ છતાં અત્રેનાં ધ્યાન ઉપર એવી હકીકત આવેલ છે કે, જમીનોની તબદીલીના લેખોમાં કોમન પ્લોટ,રોડ, રસ્તા વિગેરે જમીનનો વિસ્તાર (એરીયા) પક્ષકારની રજુઆત અન્વયે લેખમાં જણાવેલ તબદીલીના કુલ એરીયામાંથી બજારકિંમતની ગણત્રીના હેતું સારું બાદ કરવામાં આવે છે. આથી આવી કાર્યવાહી મુંબઈ સ્ટેમ્પ અધિનિયમ તથા તે હેઠળના નિયમોની જોગવાઈ સાથે સુસંગત નથી.મુંબઈ સ્ટેમ્પ અધિનિયમ તથા તે હેઠળના નિયમોમાં આવા કોમન પ્લોટ, રોડ, રસ્તા વિગેરેનો એરિયા મિલકતની ખરી બજારકિંમતની મુલ્યાંકનનાં હેતુસર બાદ આપવાની કોઈ જોગવાઈ નથી.

ઉકત હકીકત તથા કાયદાની પ્રવર્તમાન જોગવાઈઓને ધ્યાને લઈને નાયબ કલેકટરશ્રી, સ્ટેમ્પ ડયુટી મુલ્યાંકનતંત્ર ( તમામ) ને સ્પષ્ટ સુચના આપતાં આથી જણાવવામાં આવે છે કે, સ્થાવર મિલકતની તબદીલીનાં લેખોમાં લેખ અન્વયે તબદીલ થતી કુલ મિલકતની ખરીબજારકિંમત નકકી કરી તે અનુસાર સ્ટેમ્પ ડયુટીની આકારણી કરવાની રહેશે.સાથોસાથ લેખનાં પક્ષકારો ધ્વારા રાજય સરકારને યોગ્ય સ્ટેમ્પ ડયુટી ન મળે તે હેતુસર લેખથી તબદીલ થતી મિલકતની ખરી અને સાચી

વિગતો અને વર્ણન દર્શાવેલ ન હોય તો આવા કિસ્સામાં અધિનિયમની કલમ-૬૨ અનુસારની આગળની નિયમોનુસારની કાર્યવાહી કરવા પણ જણાવવામાં આવે છે.અગાઉ આવા થયેલ કેસો પરત્વે ચકાસણી કરી રીવ્યુમાં મોકલવા કાર્યવાહી કરવા પણ જણાવવામાં આવે છે.

ઉકત સુચનાઓનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે. તેમજ આવા કોઈ કિસ્સા ધ્યાન ઉપર આવશે તો આ બાબતે સંબંધિત નાયબ કલેકટરશ્રી,સ્ટેમ્પ ડયુટી મુલ્યાંકનતંત્રની અંગત જવાબદારી ગણવામાં આવશે.જેની તમામ નાયબ કલેકટરશ્રી,સ્ટેમ્પ ડયુટી મુલ્યાંકનતંત્રએ નોંધ લેવા પણ આથી જણાવવામાં આવે છે.

સદર પરિપત્ર મળ્યાની પહોંચ દિન-૭ માં અચુક મોકલી આપવા પણ આથી જણાવવામાં આવે છે.

સ્થળપ્રત ઉપર મુ.નિ.મ.પ્ર.શ્રી. ની સહી છે.

મુખ્ય નિયંત્રક મહેસુલી પ્રાધીકારીશ્રી,
ગુજરાત રાજય,ગાંધીનગરવતી.

પ્રતિ,
નાયબ કલેકટરશ્રી
સ્ટેમ્પ ડયુટી મુલ્યાંકનતંત્ર
...................

<u>નકલ સવિનય રવાના :-</u>

(૧) નાયબ સચિવશ્રી, મહેસુલ વિભાગ, હ-૧ શાખા,સચિવાલય,ગાંધીનગર તરફ જાણ સારું.

<u>નકલ રવાના:-</u>

(૧) અધિક કલેકટરશ્રી,( અપીલ) ગુ.રા.ગાંધીનગર.
(૨) અધિક સુપ્રિ.ઓફ.સ્ટેમ્પ્સ, ગુ.રા.ગાંધીનગર
(૩) નાયબ સુપ્રિ.ઓફ.સ્ટેમ્પ્સ,ગુ.રા.ગાંધીનગર.
(૪) નાયબ નોંધણીસર નિરીક્ષકશ્રી,ગુ.રા,ગાંધીનગર. તરફ તમામ નોંધણી નિરીક્ષકશ્રી/ નોંધણી અમલદારશ્રી ને જાણ કરવા તથા અમલવારી કરાવવા સારું.
(૫) નાયબ મદદનીશ સુપ્રિ.ઓફ.સ્ટેમ્પ્સશ્રી,અપીલ/તપાસણી/મહેકમ
(૬) મુખ્ય સ્ટેમ્પ્સ નિરીક્ષકશ્રી, નિરીક્ષણ/ તાંત્રિક શાખા.
(૭) તમામ શાખાના વડા નોંધણી સર નિરીક્ષકશ્રી,/ નોંધણી નિરીક્ષકશ્રી/સબ રજીસ્ટ્રારશ્રી.